# ओम्.

# જ્યોતિષ સાર સંગ્રહ.


કર્ત્તા

**લાલજી ભગવાન શર્મા**

કારેલી બાગ,—વડોદરા.



પ્રસિદ્ધ કર્ત્તા

**માહાદેવ પુંજાજી મુ૦ કપુરાવી**

પોષ્ટ વડોદરા.

એમ. જે. પોરટવાલાના

સુરત "બોધાબ્ધિ" પ્રેસમા છાપી.

કીંમત ચાર આના.

# અર્પણ પત્રિકા.

સદા કૃપાવંત શ્રીમાન મહંત્ત શ્રી મોહનદાસજી

અમદાવાદ.

આપ સાહેબ દયાળુ, પ્રમાણિક અને સત્કાર્યો-
-તેજક, પરોપકારી અને વિદ્વાન નરરત્ન નિવડયા છો
તેથી, તેમજ આપ લઘુ બધુ સમાન ચહાઈને સારો
આશરો આપતા રહી આનંદદાતા થયા છો તેથી, અતિ
પ્રેમમય અતઃકરણના ઉછાળા સહ આ પુસ્તક આપને
અર્પણ કરી કૃતાર્થ થાઉં છું.

લી૦ વિદ્યાર્થી

લાલજી શર્મા

# પ્રસ્તાવના.

આજ કાલ હમારા મગાવત રજપૂતના બ્રાહ્મણો વિદ્યામાં ઘણા પછાત પડેલા છે. એમને "રામાયણ" તથા 'મહાભારત" વાચવાનો મહાવરો વિશેષ દેખાય છે, તેમજ જ્યોતિષ શીખવાનો મહાવરો ઠીક છે, પરતુ તેમા એટલો બધો કુશપ છે કે એક બીજાને શીખાડતા નથી. ધારે છે કે બીજાને શીખાડવાથી આપણો મહીમા ઘટે. એ કારણથી ઘણા ખરા બ્રાહ્મણો જ્યોતિષ વિશે અજાણ છે. માટે એમને જાણુ કરવા અને એ કુશાપ દુર કરવાની ઇચ્છા મારા અતકરણમા ઉત્પન થઇ, તેથી મે ઘણા પ્રયત્નથી આપણી જ્ઞાતિમા જાણીતા વિદ્વાન **ભરૂચવાશી બાલજી ભગવાન શર્મા** પાસે આ "જ્યોતિષસાર સંગ્રહ" નામનુ પુસ્તક ગુજરાતી ભાષામા રચાવ્યુ છે આ પુસ્તકમાં મુહુર્ત્ત માર્તંડ, સિધ્ધાંત શિરોમણી, નિર્ણયસિંધુ, અને જ્યોતિષરત્ન વગેરેની સહાયતા લેવામાં આવી છે.

આ પુસ્તક પ્રગટ કરવામાં મહાશય બાલજી ભગવાન શર્માએ ઉત્તેજનાર્થે સારો આશ્રય આપ્યો તે માટે તેમનો આ સ્થળે ખરા અતઃકરણથી આભાર માની સતોષ માનુ છુ

આ પુસ્તક લખવામાં અગર પ્રુફ સુધારવામા અન્ય પ્રકારની ભુલો હશે તે તરફ સુજ્ઞ વાચકો લક્ષ ન આપતાં હંસ ક્ષીર ન્યાય સાર સંગ્રહ કરશે એવી આશા છે. ને તેમ થએ મારો પ્રયત્ન ફળીભુત થયો સમજીશ.

પ્રસિધ્ધ કર્તા.

**મહાશય મહાદેવ પુંજાજી**

**કપુરાવી**

# ☞ બે બોલ ☜

આજ કાલ સર્વ જ્ઞાતિઓના માણસો કેળવણી લેવામાટે દિનપર દીન પ્રયત્ન કરી આગળ વધતા જાય છે પરતુ ઘણા અફશોસ સાથે લખવુ પડે છે કે આપણી મયાવત રજપુત જ્ઞાતિના બ્રાહ્મણો વિદ્યા દેવીથી દોઢ ગાઉ આગળ નાશતાં ફરે છે, જો કોઇ એમને કહે કે ભાઇ તમે બ્રાહ્મણ થઇ વિદ્યા કેમ શીખતા નથી ? ત્યારે કહે છે કે અમારે વધારે શીખી શું કરવી છે ? એક બે તવન અને ત્રણ ચાર આરજાઓ આવડી એટલે બસ થયું ! ઘણી અફશોસની વાત છે ! કે તમારા પુર્વજો (રૂષીમુનીઓ) વિદ્યાના ભંડાર હતા અને ચારે વર્ણપર ગુરૂપદવીની સત્તા ધરાવતા હતા (**वर्णाना गुरू ब्राह्मणा**) અને તેમનાજ તમો પુત્રો કે તમારામાં તેમાનું કાંઇએ માલુમ પડતું નથી

તમારા પુર્વજો સર્વને વિદ્યા ભણાવતા, અને આજે તમને અન્ય પુરૂષો વિદ્યા ભણાવવા તૈયાર છે. છતા તમો કુંભકરણ જેવી મહાન નિદ્રામા પડ્યા છો તમે તમારૂં બ્રહ્મતત્વ તદન છોડી બેઠા છો, તમારામા મરણ, ધર્મ, અને લગન કરવાના ઢગ છેજ કયા ? જો તમારા પાસે **જે સમરે ગુણનાથ હાથ ધરી હેમ રઝલે** એ મત્ર જો ન હોત તો તમારા તો ભોગજ મળ્યા હતા ! અરે ભાઇઓ ! તમો આપણા સત્ય વૈદીકમંત્ર મુકી આવા કલ્પીત મંત્ર કયાથી લઇ બેઠા છો ? વળી તમારામા મરણ પછીની થતી ક્રીયા જોઇ મને ઘણુ હશવુ આવે છે. પરંતુ આ જગ્યાએ લખતા મહારે શરમના ઊડા ખાડામા ઉતરવુ પડે છે. મિત્રો ચેતો ! જરૂર ચેતો ! ! હજી સમય તદન વહી

ગયો નથી, સમય જતા તમોને એ તરફથી ધીટકાર થશે. વિદ્યાહીણ થશો, એટલે તમારો કોઇએ ભાવ પુછવાનુ નથી. તે વેળા તમોને પુરો પસ્તાવો થશે. જુઓને ! ગાયકવાડી રાજ્યમા આપણા માનીતા અને કૃપાળુ નામદાર **શ્રી શયાજીરાવ મહારાજા** તરફથી ફરજ્યાત કેળવણી મળે છે, અને એ નામદાર મહારાજાએ "બોર્ડીંગ હાઉસ" સ્થાપ્યા છે, પરતુ અફસોસ તો એટલોજ કે, એ સર્વનો લાભ અમારા બ્રહ્મદેવો તો ભાગ્યેજ લેતા હશે ! વડોદરાની બોર્ડીંગમા તમારા યજમાનોના પુત્રો કેળવણીથી કેવા હુશીયાર થયા છે એટલુજ તો નહિ પરતુ સત્કાર્યો-તેજક, પરોપકારી અને વિદ્વાન **એજ્યુકેશનલ ઇન્સપેક્ટર આત્મારામ સાહેબની** શીતળ છાયડી તળે વૈદીક શિક્ષણ પામે છે, તેથી એ ખરા "વેદ ધર્મ"ને જાણવાવાળા થશે, હવે મારા બ્રહ્મદેવો વિચાર કરો કે, એ તમારાજ યજમાનો વિદ્વાન થયા અને તમે અભણ રહ્યા એટલે તમારી સ્થિતિ કેવી થશે ? અરે બધુઓ તે વેળા તમારો કોઇએ ભાવ પુછનાર નથી, માટે ચેતો ! તમને ચેતાવુ છુ કે તમારી પોપલીલા ત્યાગો, જડમુર્તીની શેવા કરવી કરાવવી છોડો પ્રપંચી મહન્ત સાધુ વગેરેના શિષ્ય થતા અટકો, અને પુર્ણ કેળવણી લઇ ખરા વેદધર્મના શેવકો બનો અને આપણા ઋષી મુનીઓના નિયમ પ્રમાણે ચાલશો ત્યારજ તમારો ભાગ્યોદય થવાનો. બધુઓ ખુબ ખાત્રીથી યાદ રાખજો કે કેળવણી લીધા શીવાય ઉન્નતિ થવાની છેજ નહિ ?

બધુઓ આ જોતિષ્યની કેટલીક વાત હુ ખોટી માનુ છુ તેમજ એ ઉપર પુરા આધાર રાખતો નથી કે એ શીખવાથી ઉન્નતિ થાય એમ છે પરતુ અમારા પ્રિય મહાશય મહાદેવ

પુજાજીનો ઘણો આગ્રહ હોવાથી મારી અલ્પમતિ અનુસાર આ પુસ્તક રચી આપ્યુ છે

હું વિદ્વાન જોષી કે ઉત્તમ લેખક નથી, અને તેમ થવાનો યા હોવાનો ડોળ કરવા માગતો નથી, હું લાંબી કેળવણી પામેલ નથી, તેમ છતાં આ પુસ્તક રચવાનુ સાહસ કરયુ છે જેથી એવો પ્રશ્ન ઉત્પન્ન થશે કે, આકાશ પથે ગમન કરવાનુ કામ ગરૂડ જેવા મહાન પક્ષીનુ છે, તે ગરીબ બીચારી ચકલી શુ કરશે ? હા એ વાત ખરી છે, પણ ઇશ્વરે ચકલીને શુદ્ધ પાંખો આપી છે, તો તેણે તેની શક્તિ અનુસાર ઉડાય તેટલુ ઉંચે કેમ ન ઉડવુ ? એમ સમજી મે આ પ્રયત્ન કીધો છે તેથી આ પુસ્તકમા અન્ય પ્રકારની ભુલો હશે તે સુજ્ઞ વાચકો લક્ષ ન આપતા હંસક્ષીર ન્યાયે સાર ગ્રહણ કરશે એવી આશા છે, અને તેમ થએ મારો પ્રયત્ન ફળીભુત થયો સમજીશ.

ओ३म शान्ति ! शान्ति ! ! शान्ति ! ! !

લાલજી શર્મા.

## શબ્દોમા આવતા આંકડાની સમજ.

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧ | મેષ | ૩ | બ્રમડ | ૭ | સાહેર |
| ૧ | જન્મ | ૪ | ચતુર્થ | ૭ | સત્ર |
| ૧ | અલેક | ૪ | ચતુર | ૮ | અષ્ટ |
| ૧ | પ્રથમા | ૪ | ચત્રુ | ૮ | પર્વત |
| ૨ | દ્વીત્યા | ૪ | વેદ | ૯ | નાગ |
| ૨ | દ્વિ | ૫ | પંચ | ૧૦ | અવતાર |
| ૨ | કર | ૫ | પાંડુ | ૧૦ | દશો |
| ૨ | નેત્ર | ૬ | રાગ | ૧૧ | એકાદશ |
| ૩ | તૃતિયા | ૬ | ખટ | ૧૧ | રૂદ્ર |
| ૩ | ત્રા | ૬ | ષષ્ટ | ૧૨ | દ્વાદશ |
| ૩ | ગુણ | ૭ | સપ્ત | ૧૨ | મેષ |

## નક્ષત્રના નામ.

| | | |
|---|---|---|
| ૧ અશ્વની | ૧૦ મઘા | ૧૯ મુળ |
| ૨ ભરણી | ૧૧ પુર્વા ફાલ્ગુની | ૨૦ પુર્વાષાઢા, |
| ૩ કૃતિકા | ૧૨ ઉત્તરા ફાલ્ગુની | ૨૧ ઉત્તરાષાઢ |
| ૪ રોહિણી, | ૧૩ હસ્ત | ૨૨ શ્રવણ |
| ૫ મૃગશિર | ૧૪ ચીત્રા, | ૨૩ ધનિષ્ઠા |
| ૬ આર્દ્રા | ૧૫ સ્વાતિ, | ૨૪ સતતારકા |
| ૭ પુનર્વસુ | ૧૬ વિશાખા, | ૨૫ પુર્વ ભાદ્રપદ |
| ૮ પુષ્ય, | ૧૭ અનુરાધા, | ૨૬ ઉત્તરાભાદ્રપ |
| ૯ અશ્લેષા | ૧૮ જેષ્ઠા | ૨૭ રેવતિ |

## (ચંદ્ર) રાશીના નામ.

| | | |
|---|---|---|
| ૧ મેષ | ૫ સિંહ, | ૯ ધન |
| ૨ વર્ષ | ૬ કન્યા, | ૧૦ મકર, |
| ૩ મીથુન, | ૭ તુલા, | ૧૧ કુંભ, |
| ૪ કર્ક | ૮ વૃશ્ચિક, | ૧૨ મિન |

---

## તિથીઓના નામ.

| | |
|---|---|
| ૧ પડવો (પ્રતિપદા) | ૯ નેમ (નવમી) |
| ૨ બીજ (દ્વીતીયા) | ૧૦ દશેમ (દશમિ) |
| ૩ ત્રીજ (તૃતિયા) | ૧૧ અગીયારસ(એકાદશી) |
| ૪ ચોથ (ચતુર્થી) | ૧૨ બારશ (દ્વાદશી) |
| ૫ પાંચમ (પચમી) | ૧૩ તેરસ (ત્રયોદશી) |
| ૬ છઠ (ષષ્ટી) | ૧૪ ચૌદશ (ચતુર્દશી) |
| ૭ સાતેમ (સપ્તમી) | ૧૫ પુનેમ (પૌર્ણીમાં) |
| ૮ આઠેમ (અષ્ટમી) | ૩૦ અમાસ અમાવાસ્યા) |

---

## ગ્રહના નામ.

| | | |
|---|---|---|
| ૧ રવિ | ૪ બુધ | ૭ શનિ |
| ૨ ચદ્ર | ૫ ગુરૂ | ૮ રાહુ |
| ૩ મંગળ | ૬ શુક્ર | ૯ કેતુ |

---

## યોગના નામ.

| | | |
|---|---|---|
| ૧ વિષકંભ | ૧૦ ગંડ, | ૧૯ પરિઘ |
| ૨ પ્રિતિ | ૧૧ વૃદ્ધી, | ૨૦ શીવ |
| ૩ આયુષમાન | ૧૨ ધ્રુવ | ૨૧ સિધ્ધિ |
| ૪ સોભાગ્ય | ૧૩ વ્યાઘાત | ૨૨ સાધ્ય, |
| ૫ શોભન | ૧૪ હર્ષણ | ૨૩ શુભ |
| ૬ અતિગંડ | ૧૫ વજ | ૨૪ શુકલ |
| ૭ સુકર્મા | ૧૬ સિધ્ધિ | ૨૫ બ્રહ્મા, |
| ૮ ધ્રતિ, | ૧૭ વ્યતિપાત | ૨૬ ઐંદ્ર, |
| ૯ શુળ | ૧૮ વરીયાન | ૨૭ વૈધ્રિત |

---

## કરણના નામ.

૧ બવ, ૨ બાલવ, ૩ કૌલવ ૪ તૈતિલ,
૫ ગર, ૬ વણીજ, ૭ વિષ્ટી.

# જ્યોતિષસાર સંગ્રહ.

## અથ પુત્ર પ્રસુતી પ્રકરણ.

### જન્મ નક્ષત્ર મેલન. (૧)

ચુ, ચે, ચો, લા, અશ્વની, લી. લુ, લે લો ભરણી જાણ;
અ, ઇ, ઉ, એ, કૃતિકા, વો, વા વિ રોહીણી આણ ૧
વ, વો, ક કી, એ મૃગશીર, કુ, ઘ, ઙ છ, આર્દ્રા ધાર;
કે, કો, હ, હી, પુનર્વસુ, હુ, હે, હો, ડા, પુષ્ય સાર, ૨
ડી, ડુ, ડે, ડો અશ્લેષા મી, મુ, મે, મ, મઘા નીરધાર
ટા, ટી, ટુ, ટે ઓત્રા ફાલ્ગુની, પુ, ષ, ણ, ઠ, હસ્ત ઉચાર ૩
પે, પો, ર, રી, ચીત્રાના. રૂ, રે રો, તા, સ્વાતિ જાણ.
તી તુ તે તો એ વિશાખા નિ નુ ને ન અનુરાધા આણ. ૪
યા, યે, યુ, યો, જેષ્ઠાના, યો, ભ. ભી, ભુ. મુળ ઉચ્ચાર,
ભુ, ધા, ફા. ઢા, પુર્વાષાઢા. ભ, ભો, જ, જી, ઉત્તરા પ્રમાણ ૫
જે, જુ. જો પી, અભિજીતનાં, ષ, પી, પુ, પે, શ્રવણ દેખ;
ગ, ગી, ગુ. ગે ધનીષ્ટા, ગો, સા, સી, સુ, શતારકા પેખ, ૬
સે, સો, દ, દિ, પુર્વાભદ્રા, દી, દુ ઝ, થ, ઓત્ર ભદ્રાસોઇ,
દે, દો, ચ, ચા, રેવતીના એમ જન્મ નક્ષત્ર જોઇ. ૭

## જન્મ ચંદ્રની આરજા (૨)

અશ્વની, ભરણી, કૃતિકા પાયે મેષનાં.
રોહીણી મૃગશીર અર્ધ વર્ણના. ૧
આદ્રા પુનર્વસુ પા સ્થાન મીથુન જાણ.
પુષ્ય અસ્લેષા એ કર્કના પ્રમાણ. ૨
મઘા પુર્વા ને અર્ધ સિંહના કહીએ,
હસ્ત ચિત્રા અર્ધ કન્યા લહીએ, ૩
સ્વાંતિ અર્ધ વિશાખા તુલા માંહી
અનુરાધા જેષ્ટા વૃશ્ચિકમાં જાઇ ૪
મુળ પુર્વાષાઢા અર્ધ ઓત્રા ધન માંહી
શ્રવણા અર્ધ ધનીષ્ટા મકર સંહી ૫
શતતારકા પુર્વા ભાદ્રપદા કુંભે લેવું,
તો ઓત્રા રેવંતી એ મીન કેવું. ૬

---

## ગર્ભિણી પ્રશ્નની આરજા (૩)

ગર્ભીણી આવી પુછે વાત,
થશે કન્યા કે સ્ત્રી જાત,
તિથી વાર નક્ષત્ર અંક,
તે સહુ ને એકઠા રખ,
ત્રણે ગુણી સાતે ભાગ,
વધ્યા શેષ વિચારવા લાગ,
મેષ ગુણ થાંડુ કન્યા જાણ,
અવર સહુ પુત્ર પ્રમાણ,
શુન્ય ગર્ભ રહેશે નહિ,
પ્રશ્ન ઉત્તર કહેજો સહી,

## દંત ફળની આરજા (૪)

દંત સહિત ઉત્પન્ને બાળ,
નિશ્ચે જાણુ તેનો કાળ,
બીજે માસે લધુ બંધુ દુખી
ત્રીજે બહેન રહે ન સુખી,
ચોથે માતા દુખી સાર,
પાંચે વડીલ બધુ નીરધાર,
છઠા માસ બાદ સર્વ સારૂ,
દત ફળ એમ ઉચ્ચારૂ.

---

## રેવંતી નક્ષત્રની આરજા (૫)

છઠ ચૌદશ આઠમ રેવત રેવા
તે દિ સ્ત્રી બાળ જન્મેવા,
જે કુલ જન્મે તે કુલ જાય,
જન્મ રોતા સોહાગણી ખાય,
તવ તે નારી કાવ કરે,
વર સસરો કે દેવળ મરે
એવા પુત્ર જો જન્મે માય,
છઠે માસે ઘર ઉજડ થાય;

---

## જેષ્ઠા નક્ષત્રની આરજા (૬)

પહેલા ભાગે દુખી માત,
બીજે દુખી માતનો તાત,
ત્રીજે મામા દુખી સહી,
ચોથે માતા સુખી નહી,
પાંચમે બાળક જાણો દુખી,
છઠે ગૌત્ર નવ રહે સુખી,
સાતે માત પીયરનો નાશ,
આઠે વડીલ બંધુ દુખ વાશ,
નવમે કુલ સસરા તણું,
દશે સર્વને એમજ ભણું.

**સુચના**—હવે તે મુજબ જો બાળકનો જન્મ જેષ્ટા નક્ષત્રમાં થયો હોય તો તેને છ ઘડીનો એક ભાગ લેવા દશ ભાગ કરવા અને તે દરેક ભાગનું ફળ ઉપર પ્રમાણે સમજવું જેષ્ટામા બાળક જન્મે તો બ્રાહ્મણ પાસે પુજન કરાવવું. તેમજ બ્રહ્મ ભોજન આપવું.

---

## મુળની આરજા (૭)

ચતુર ઘડી પહેલાં ભાગની બાળક જન્મ્યુ મરે,
બીજે ભાગ સપ્ત ઘડીના દ્રવ્ય સઘળુ હણે. ૧
ત્રીજે ઘટીકા દશ છે, બંધુ ને કષ્ટ છે અપાર,
ચોથે જાણો અષ્ટને, માત દુઃખી નીરધાર, ૨
૫ મે નાગ ઘટીકા જાણવી, દુખી સહુ પરીવાર

૭ઠે ઘટીકા પંચ છે, કંષ્ટ રાજ મંત્રી સાર, 3
સપ્તે ઘટીકા ષષ્ટીમાં, રાજ પ્રાપ્તી સાર
અષ્ટે પ્રટીકા એકાદશી, અલ્પ આયુષી બાળ. ૪

**સુચના,**—મુળ નક્ષત્ર વૃક્ષ રૂપે માનવામાં આવે છે, તે ૬૦ ઘડીમાં તે વૃક્ષના દરેક ભાગ સંપુરણ થાય છે, ૧ ભાગે મુળ, ૨ ભાગે થડ, ૩ ભાગે શાખા ૪ ભાગે ડાળો, ૫ ભાગે પાંદડા, ૬ ભાગે પુષ્પ ૭ ભાગે ફૂળ, અને આઠમાં ભાગે નવી ટીશીઓ એ પ્રમાણે મુળ નક્ષત્ર રૂપી વૃક્ષ જાણવું.

---

## મુળ નક્ષત્રનું ત્રીલોક સ્થાન. (૮)

વૃષભ વૃશ્ચિકને સીંહ કુંભ, સવર્ગમા મુળનો વાશ,
જન્મે બાળક તે સમય, રાજ સુખમાં વિલાસ,
મીથુન, તુળને કન્યા મીન, પાતાલમાં મુળ જાય,
જન્મે બાળક તે સમય, લક્ષમી પ્રાપ્તી થાય,
મેષ, ધન ને કર્ક મકર, મ્રત્યુ લોકે મુળ જાય,
જન્મે બાળક તે સમય, કુટુંબ ખરાબી થાય.

---

## જવાળામુખની આરજા. (૯)

પડવે મુળ ને પાંચમે ભરણી, આઠમે કૃતિકા નવમે રોહીણી
દશે અસ્લેષા બારસે મઘા, ખટ નક્ષત્ર જવાળા મુખા,
જન્મયુ જીવે નહિ વસુ ઉજડ થાય,
નારી પહેરે ચુડલો વર સમુળો જાય

ગામ ગયુ આવે નહિ, ખાટ પડે નવ ઉઠત,
જવાળા મુખની આરજા, જોષી એમ ભણુત.

---

## ગુરૂવારની આરજા (૧૦)

મેષ વૃશ્ચિક મંગળ સ્વામી, મિથુન કન્યાએ બુધ જાણ,
ધન મીનનો ગુરૂ સ્વામી, વર્ષભ તુલ સુક્ર પ્રમાણુ,
મકર કુભનો શની સ્વામી, સીહનો રવીવાર,
કર્કનો સ્વામી છે ચદ્રમા, સ્વામી રાશીના સાર.

---

## પ્રસવ જ્ઞાનની આરજા (૧૧)

પ્રસુતી કાળે જન્મ લગનથી, દ્રવી ચતુરમે સ્થાન
શુભ ગ્રહ હોય તે સ્થળમાં, સુખે પ્રસુતિ માન.
ખટ નાગને સાહેર સ્થાન, પાપ ગ્રહ હોય સપષ્ટ,
બાળક જન્મે જો તે સમે, પ્રસુતીમાં થયુ છે કષ્ટ,

---

## મ્રત્યુ કારક ગ્રહની આરજા (૧૨)

ચદ્રસ્થાન આઠમે, મંગળ સાતમે હોય,
રાહુ નવમે બુધ ચોથે બાળક બચે ન કોઈ,

---

## અન્યમત આરજા (૧૩)

જન્મ સમય ચોથા સ્થાનમા, રાહુ વાસ જો હોય,
ખટ પર્વાન સ્થાને ચદ્રમાં, તુર્ત બાળક મ્રત્યુ હોય.

---

## વર્ણશંકરની આરજા (૧૪)

જન્મ કાળે બીજે સ્થળે, શની રાહુ મંગળવાર,
સપ્તમે ભ્રગુ ને બ્રહસ્પાતં હોય, આઠમે રવી ચંદ્રવાર,
બાળક જન્મે વ્યભીચારી, જો હોય બ્રાહ્મણ તન
વીશ વર્ષ ભોગવ્યા પછી, થાશે તે મ્લેચ્છ જન.

---

## તિથી ગંડાતની આરજા (૧૫)

પુર્ણીમાંની અંત ઘડી, પ્રતિપદાની આધ,
એ બેની સીદ્ધી પ્રમાણે, પછી દશારૂદ્ર બાંધ,
સર્વની સંધી ઘટીકાથી, બએ ઘડી કર વરજીત,
એ પ્રમાણે તિથિ ગડીત, સમજો તમે ખચીત.

---

## લગન ગંડાતની આરજા (૧૬)

કર્ક સિંહ લગન સંધિની, અર્ધ ઘટીકા જાણ,
વૃશ્ચિક ધન મીન મેષની, અર્ધવરજીત ધાર.

**સુચના**—હે ભાઇઓ! યાદ રાખજો કે લગ્ન સંધિની એક ઘડી મૃત્યુપદનું ફળ આપે છે માટે તેને વર્જીત કરવી.

---

## નક્ષત્ર ગંડાતની આરજા (૧૭)

રેવતી ને અશ્વિની, સંદ્ધિની, લેવી ઘટીકા બે
અશ્લેષા ને મઘા જેષ્ટા મુળ, ચાર ઘટીકા લે.

**સુચના**—ઉપર પ્રમાણે ત્રીવિધિ ગંડાત એટલે તિથિ લગ્ન, નક્ષત્ર એ ત્રણ પ્રકારના કહ્યા માટે જન્મ, યાત્રા

ઉપવીત, વિવાહના શુભ કામ તે વખત વર્જીત થયા બાદ કાર્ય કરવાં બાળકનો જન્મ ગંડાંતમાં થયો હોય તો તેનો ત્યાગ કરવો અથવા તેનુ ૭ માસ લગી મુખ જોવુ નહિ.

---

## અન્યમત (૧૮)

જન્મ સમય બારસ્થાને ચંદ્રમા, આઠમે સ્થાન પાપ ગ્રહ હોય
તો જન્મેલ બાળક એક માસમાં, કોટી રક્ષાએ મરણપદ હોય.

---

## અન્યમત (૧૯)

આઠમે સ્થાને રાહુ હોય, ચંદ્ર તેને જોતા હોય,
તો તે બાળક જીવે નહિ. દશ દીનમાં મરશે સહી.

---

## અન્યમત (૨૦)

જન્મ કાળે શનિ ક્ષેત્રમાં, દશ રૂદ્ર સુર્ય કરણ,
સુર્ય ક્ષેત્ર પંચમે શની, દ્વાદશ વર્ષે મરણ.

---

## પારણુ અથવા ઘોડીયાની આરંભ (૨૧)

પુત્ર દિવસ બારમે, કન્યા તેરમે સહી,
બાળક ઝુલાવો પારણે, મુહુર્ત જોવુ નહિ.

## અન્ન એોટણની આરજા (૨૨)

ત્રણ પુર્વા ને આદ્રા ભરણી, અસ્લેષાસતારકા મગળગણી,
શની નદાને રિકતા તિથી. પર્વ સપ્તમી દ્વાદશી કથી,
ત્યાગ કરવા એ કહીઝા ખાસ, પુત્રને છઠે કે આઠમે માસ,
કન્યા પચમ યા વિષમ માસે, સુકલ પક્ષે અન્ન પ્રાશ્ન થાશે.

ઇતિ પુત્ર પ્રસતુ સપુર્ણ.

---

# અથ વિવાહ પ્રકરણ.

કુંમ કુમ અક્ષત ફળ તાંબુળ, ઇચ્છીત દ્રવ્ય લેવુ મુળ
જઇ જોષિને લાગો પાય, સ્નેહ પુર્વક એમ પુજા થાય,
પછી કેહવુ કે મુહુર્ત આપો, વરકન્યાના દુખડાં કાપો.

સુચના—હે સુજ્ઞજનો ! કુમારીકાના લગ્ન ૧૬ વર્ષની વય થયા બાદ કરવા કારણુ કે ત્યાર પહેલાં કરવાથી કન્યા દાનનુ ફ્ળ મળતુ નથી અને કુમારીકાનો પીતા પાપનો ભાગીદાર થાય છે માટે કુમારીકાના ૧૬ વર્ષ બાદ અને પુત્રના ૨૦ વર્ષ બાદ લગ્ન કરવા લાભકારી છે એવુ રૂષી મુનીઓનું કહેવુ છે.

---

## સ્ત્રી કુયોગની આરજા (૨૩)

જન્મ નક્ષેત્ર મુળ ગુણ નાશ, અશ્લેષામો વેશ્યા વાશ,
વિશાખા સ્વામી લઘુ બધુ ક્ષે, જેષ્ટામાં તેના જેઠને કે

---

## મંગળ વિચારનો આરજા (૨૪)

મેષ મેષ ને ચતુર સાત, જાણો પર્વત સ્થાન,
સ્ત્રી મંગળીક જાણવી, મગળે મગળ સુભમાન.

---

## વિવાહ નિષેધની આરજા (૨૫)

અષાડથી ચાર માસમાં, વળી ગુરૂ શુક્રનો અસ્ત
સિહુસ્થ કે અધીક માસ, ક્ષે માસ સમસ્ત.

**સુચના**— આપણા સાસ્ત્રમાં એક બીજા સાથે લેણા દેણી કેવી છે? તે તેએની જન્મરાશી ઉપરથી જોવાય છે. માટે વર કન્યાને એક બીજા સાથે લેણા દેણી છે તે બાબત પ્રથમ જોવાય છે. માટે પરસ્પર બનતી રાશી આવે તો લગ્ન કરવુ.

કન્યાની જન્મરાશીથી વરની જન્મરાશી સુધી ગણવી અને વરની જન્મરાશીથી કન્યાની જન્મરાશી સુધી ગણવા તેમાં જે અક આવે તેનુ ફળ નીચે મુજબ સમજવુ

---

## લેણા દેણીની આરજા (૨૬)

એકજ રાશી વાળી હોય, લેણા દેણી સારી હોય,
ત્રા રૂદ્ર જાણો જો તેમ* સમી પ્રિતીએ કહીએ એમ,
૧ ષડષ્ટક એ સારૂ નહિ, બિયાબારૂં તેમજ સહી,
નવ પચક પ્રજા થોડી, માટે લગ્ન ન દેવું જોડી.

---

* એક બીજાના રાશી અંક સરખા ભાગે આવે તે સમીપ્રીત સમજવી.

## વર્ગ વેરની આરજા (૨૭)

ગુરૂડ સર્પને સદા વેર, વેર મોસક ને મંઝાર.
સિંહ હરણને વેર સદા, શ્વાન મેંઢાને અપાર.

સુચના—વર્ગ વેરની પુરેપુરી મહીતી નીચેના કોષ્ટકમાં જોવાથી થશે.

### અક્ષરો ઉપરથી વર્ગ જોવાનું કોષ્ટક

| બીલાડો | સિંહ | શ્વાન | સર્પ |
|---|---|---|---|
| ક, ખ, ગ ઘ ઙ. | ચ છ જ ઝ ય | ટ ઠ ડ ઢ ણ | ત થ દ ધ ન |
| માસક | હરણ | મેંઢો | ગરૂડ |
| પ ફ બ ભ મ, | ય ર લ વ, | શ ષ સ હ | અ ઇ ઉ |

## વર્ગ જોવાની આરજા (૨૮)

કર્ક વૃશ્ચિક મીન વિપ્ર કહું, મેષ સીંહ ધન ક્ષત્રી લહુ
વરખ કન્યા મકર વૈશ્ય, મીથુન તુલા કુંભ શુદ્ર લઈશ

---

## વશ તથા ભક્ષ્યનો આરજા (૨૯)

કર્ક *મકર ને મીન રાશી, જરૂર જાણો જળચર વાશી,
મેષ વરખને વૃશ્ચિક રાશી, સિંહ શુધ્ધા વનચર વાશી,
મીથુન તુલાને કન્યા કહી. +ધન કુંભ એ મનુષ્ય સહી

---

* મકરના પહેલા ભાગમા જળચર ને બીજા ભાગમા વનચર

+ ધનના પહેલા ભાગ મનુષ્ય અને બીજો ભાગ વનચર

## ત્રીગણની આરજા (૩૦)

અશ્વની મૃગશીર ને પુનર્વસુ, પુષ્ય હસ્તને સ્વાંતિ ધાર
અનુરાધાને શ્રવણ રેવતી, દેવગણ એ નિસ્ચે જાણ,
ભરણી રોહીણીને આદ્રા, ત્રણ ઓત્રા સાથે લહો,
ત્રણ પુર્વા એમાં લઇને મનુષ્ય ગણ એ નિશ્ચે કહો,
કૃતિકા અશ્લેષાને મઘા ચીત્રા, વિશાખાજેષ્ટા સાથે ભણી
મુળ ધનીષ્ટા ને શતતારા, રાક્ષસ ગણમાં લેજો ગણી

## નાડી ફળની આરજા (૩૧)

એની આધ એ વરનો નાશ, બેવ મધ્ય ધનનો નાશ,
એની અંત્ય બાળક નહિ, થાય પ્રજા તો જીવી નહી

## નાડી જોવાની આરજા (૩૨)

આદ્રા જેષ્ટાને મુળ લહુ, અશ્વની હસ્તને પુનર્વશુ કહુ
શતતારા ને પુર્વા ભાદ્રસહી, ઓત્રા ફાલ્ગુન આધે કહી,
મૃગશીર્ષ પુર્વષાઢા ભરણી, અનુરાધા ને પુષ્ય વરણી,
ધનીષ્ટા ચીત્રાને પુર્વા ફાલ્ગુની, ઓત્રાભદ્રાએ મધ્યમાની
રોહીણી ઓત્રાષાઢા અશ્લેષાધાર શ્રવણ મઘાને રેવંતીશાર
કૃતિકા વિશાખા સાથે લહુ, અંત્ય નાડીના એને કહુ.

## લગ્ન પંચકની આરજા (૩૩)

જે તિથીએ મુહુર્ત હોય, પચક ત્યારે જોવિ જોય

તિથિ અંકમાંથી એકજ ટાળો, લગ્ન અંકથી કર સરવાળો
પછી નવથી દેવો ભાગ, શેષ ફળ વીચારવા લાગ.

---

## પંચક ફળની આરજા (૩૪)

શુન્ય ગુણ પાંકુ સાતેકથી, જાણો એમાં કોઈ પચક નથી,
જન્મ શેષ જો વધે જયારે, મૃત્યુ નામનું પંચક ત્યારે,
લગ્ન યાત્રા જગ્ન જાગ, જરૂર તેમાં કરવા ત્યાગ,
કર શેપ જો વધે જયારે, અગ્નિનામનું પંચક ત્યારે,
ઘર મુહુર્ત કે વાસ પહેલો, અગ્નિ નામનું પચક હેલો,
ચતુર શેપ જો બચે જયારે, રાજ નામનું પંચક ત્યારે,
ચાકરી મુહુર્તમાં લેવું નહિ, સોમ શની જો આવેસહી,
બટ શેપ ચોર પચક સાર, જો હોય ગુરૂ કે મગળવાર,
મુશાફરમાં વરજીત સહી, પથે વિગ્રહ દેવ છું કહી,
પર્વત શેષમાં રોગ છે નામ, જનોઈ કાર્યમાં નઆવે કામ
રવીવારે ત્યાગો સહી, કહ્યા પંચક સદેહ નહી.

---

## ચુડી મુહુર્તની આરજા (૩૫)

અશ્વની ને રેવત અવર ધનીષ્ટા જાણ,
હસ્ત દો પાચ નક્ષત્રા સુખે સોનુ માણ,
શાતા ત્રણ ઓત્રા, રોહણ, પાડે વજ,
પુષ્ય પુનર્વાશા પરહરો, કરો ભરથાર એકજ,
મઘા, મુળ ને આદ્રા ભરણી,
પહેરે ચુડો મરે પરણી,
પડવો છઠ અમાવાસા, જો પેહરે ગજ દંત,

ભાગે વચલી ચુડી, મરે સુવાષણનો કંથ,
સોમ પહેરે શનીસરવાર, વળી હોય બુધવાર.
એમ જાણો જોષીયા, કંકણ ભજે બાળ.

---

## વિવાહમાં ત્યાગ કરવાના ૨૧ મહાદોશનુ કોષ્ટક.

| | | |
|---|---|---|
| ૧ પંચા ગરહીત, | ૮ કત્તરી | ૧૫ લત્તા |
| ૨ ઉદયાસ્તરહીત | ૯ ચંદ્રમા* | ૧૬ ગ્રહણ |
| ૩ સુર્ય સંક્રાતિ | ૧૦ અષ્ટમે લગ્ન | ૧૭ ઉત્તપાત |
| ૪ પાપગ્રહ | ૧૧ લ. ચંદ્રમાનુપાપગ્રહ | ૧૮ પાપગ્રહવેધ |
| ૫ ષષ્ટ શુક્ર | ૧૨ વિષ ઘટિ | ૧૯ પાપગ્રહ |
| ૬ અષ્ટ માસ | ૧૩ દુષ્ટ મુહુર્ત | ૨૦ પાપગ્રહાંશ |
| ૭ ગડાંત | ૧૪ વારદોષ | ૨૧ વૈધૃતિ. |

**સુચના**—કન્યાના વિવાહ સમયે તેમને ગુરૂ બળ હોય ત્યારે લગ્ન કરવાં. ગુરૂબળ જોવાની રીતી એમ છે કે કન્યાની જન્મરાશીથી ગુરૂ જે રાશીપર હોય તે રાશી સુધી ગણવા, ગણતાં જે અંક આવે તેનુ શુભાશુભ ફળ સમજવું.

---

### ગુરૂ બળની આરજા (૩૬)

જન્મ ગુણને ષષ્ટે જોઈ, અવતાર ગુરૂએ સુખના હોઈ,
પુજા કરેથી સાંતિ થાય, ગુરૂ તણો એ મહીમાય,

---

* ચંદ્રમાં ૧૨, ૮, ૬, ૫, એ સ્થાને.

ચતુર અષ્ટ ને મેઘે સાર, એવા ગુરૂએ કષ્ટ અપાર,
બીજા સર્વમાં સારૂ સહી, અવર સંદેહ મન લાવો નહી.

**સુચના**—૪, ૮, ૧૨ ગુરૂ હોય તો પુજા કરવાથી અનુકુળ થતો નથી પણ તે જો પોતાના ઘરનો કે ઊચનો હોય તો અનુકુળ થાય. ચોથા અને બારમાં ગુરૂની બમણી પુજા કરવેથી અનુકુળ થાય છે અને ૮ ગુરૂની ત્રણ ઘણી પુજા કરે અનુકુળ થાય.

---

## લત્તા દોષની આરજા (૩૭)

**સુચના**—જે નક્ષત્રપર ગ્રહ હોય ત્યાંથી અમુક નક્ષત્રપર લતાં દોષ નીચેની આરજાપરથી સમજવો.

બુધથી નક્ષત્ર સમુદ્રમાં, રાહુ નક્ષત્રથી નાગ,
ચંદ્ર નક્ષત્રથી બાવીસમે, લત્તા દોષથી જાગ,
શુક્ર નક્ષત્ર પાંચમે, *લત્તા દોષ નીરધાર,
સુર્ય નક્ષત્ર મેઘમાં, લત્તા ત્યાં ઉચ્ચાર,
શનીથી છઠા નક્ષત્ર, મંગળ નક્ષત્ર ત્રણ,
લતા દોષ સુભ કાર્યમા, વરજીત કરેલાં ગણ.

---

## દુષ મુહુર્તની આરજા (૩૮)

દીવસ રાત્રીનો પંદરમો ભાગ,
દુષ્ટ મુહુર્ત એનો કરવો ત્યાગ,
વિવાહ મુહુર્ત કે જગન જાગ,
નિશ્ચે એનો કરો પરીત્યાગ.

---

* તે પુષ્ટ લત્તા, આગ્ને લગ્ન લત્તા કહેવાય છે.

## ભોગ ચક્ર

| લગ્ન | મે. | વૃ. | મી | ક. | સિ | ક. | તુ. | વૃ | ધ. | મ. | કું. | મી |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ઘડી | ૭ | ૮ | ૧૧ | ૧૧ | ૧૧ | ૧૦ | ૧૦ | ૧૧ | ૧૧ | ૧૧ | ૮ | ૭ |
| પલ | ૫૬ | ૫૪ | ૨૦ | ૧૨ | ૨ | ૩૬ | ૩૬ | ૨ | ૧૨ | ૨૦ | ૫૪ | ૫૬ |

**સુચના**—જે રાશીપર સુર્ય રહે છે તે લગ્ન ઉદય કાલમાં એક દીવસ કેટલો ભોગ કરે છે તે ચક્ર ઉપરથી માલુમ પડશે.

---

### પુનર વિવાહની આરજા (૩૯)

**સુર્ય નક્ષત્રથી દીન નક્ષત્ર, ગણી લેવા શહુ અંક,**
**ત્રણ ત્રણ નક્ષત્ર નીજ યોજવા, જોષ તણો એ વિવેક,**
**પ્રથમ ત્રણ જાણો મરણ, બીજે ત્રણ ધનનું હરણ,**
**ત્રીજે ચોથે જાણો નાશ, પાંચે પુત્ર સદા સુખવાસ,**
**છઠે સાતે દુર્લભ દીશે, આઠે જાણ લક્ષ્મી અતિસે,**
**નવે શ્રેષ્ટ સદા શુભ જાણ, પુનર્લગ્ન એમ પ્રમાણ.**

**સુચના**—પુનર્લગ્નમાં નક્ષત્ર વિવાહ કરવા પરંતુ તિથી માસ વેધ, તેમજ ગુરૂ શુક્રના અસ્તોદયનો વિચાર કરવો નહી, પણ સુર્ય નક્ષત્રથી દીન નક્ષત્ર લગી ગણવા તે અંકને દરેક ભાગે ત્રણ ત્રણ નક્ષત્રે યોજવાં, તેમ નવ ભાગનું ફળ ઉપરની આરજાપરથી સમજવુ.

## અથ વાસ્તુ મહીમાં

**સુચના**—હે વાંચકો ! ઘર બાંધવામાં પહેલાં ગામ દીશા ભૂમી, માસ નક્ષત્ર સુદ્ધિ, લાભ, વ્યય, નક્ષત્ર અશ વગેરેનો અવસ્ય વિચાર કરવો.

---

### ગ્રહ બાલમની આરજા (૪૦)

ગુરૂ શુક્રને સુર્ય સોમ, સ્વસ્થામાં હોય ઉંચ,
અથવા જો બળવાન હોય તો, ઘર બાંધવાનું જ,

---

### અન્યમત આરજા (૪૧)

મગળ શુક્રનો અંશ. છઠો ચંદ્રમાં સનમુખ,
ત્યાગ કરે ન જન તેનો. ઉપજે વિપરીત દુ.ખ.
મિથુન કન્યાને ધન મિન, સુર્ય હોય જો એનો ખાસ,
ગ્રહ બાંધવુ તેવા સમય, તેમાં કરવો વાશ,

---

### દ્વાર શુધ્ધિની આરજા (૪૨)

ગુણ નક્ષત્ર સાંકળસાર, ખુંટે નક્ષત્ર મુકો ચાર,
બને ટોડલે નક્ષત્ર ચાર, બેસાખોમાં આઠ ઉચ્ચાર,
આઠ નક્ષત્ર ઉમરે જાઈ, દ્વાર ચક્ર એમ ગોઠવ ભાઇ.

---

### દ્વાર ફળની આરજા (૪૩)

સાંકળ ખુંટો કુશળ કરે, બે ટોડલે ઉજડ થાય,
બે સાખે લક્ષ્મી વશે, ઉમરે મરણ કહેવાય.

**સુચના**—સુર્ય નક્ષત્રથી દીન નક્ષત્ર સુધી ગણતાં જે અંક આવે તેને (૪૨) આરજામાં બતાવ્યા પ્રમાણે અંક યોજવા, જ્યાં મુહુર્ત્ત આવે તેનું ફળ (૪૩) આરજામાં બતાવ્યા પ્રમાણે સમજવું.

પ્રથમ દ્વાર શુધ્ધી જોવી, તેમજ નક્ષત્ર શુધ્ધી વષ ચક્રને પણ જોવાં, નંબર ૩૬) ૩૭,)ની આરજામાં બતાવ્યા પ્રમાણે પંચકનો પણ ત્યાગ કરવો; સ્થિર લગ્ન અથવા દ્વિસ્વભાવમાં બારણું મુકવું.

---

## ચંદ્ર મુખની આરજા (૪૪)

કૃતિકા ને મઘા ધનીષ્ટાથી, સાત નક્ષત્રે ચંદ્રમાં હોય,
અહ દ્વાર ક્રમવાર દક્ષીણે, ઉત્તર પુર્વ પશ્ચિમે હોય.

ક્ષેત્ર ફળ વિષે સુચના—સ્થાનમાં લંબાઇ પહોળાઇ ગણી તેને આઠે ભાગવા, તેમાં શેષ રહે તે ધ્વજાદીકથી **આય** છે તેજ ગ્રહનુ ક્ષેત્રફળ જાણવું.

---

## આયાદિક નામની આરજા (૪૫)

ધ્વજ, ધુરમ, સિંહ જાણુ, કુકુર, બેલ, ગર્દભ પ્રમાણુ,
હસ્તી ધ્વાંક્ષય આયનામ, કહેજો જોવિ રાખી હામ.

---

## આય ફળની આરજા (૪૬)

ધ્વજ કીર્તી ધુરમ સોક, સિહમાં જય નીરધાર,
કુકર વૈર, બેલમાં ધન, ગર્દભમાં નીરધનતા ધાર,

હુસ્તીમાં સુખ ઉપજે ઘણું, સ્વાતીમાં રોગ અપાર,
આય ફળની એ આરજા, જોષી સુખ ઉચ્ચાર.

## ગ્રહ રાશીની આરજા (૪૭)

અશ્વની, ભરણી કૃતિકા, મેષ રાશી પ્રમાણ.
મઘા પુર્વા ને ઓત્રા એ, સિંહ રાશી ઉચ્ચાર,
મુળ નક્ષત્ર ને ઓતરાષાઢા, પુર્વાષઢા ધન માંહી,
બાકી નક્ષેત્ર બેએ રાશી, સમજી લેજો ભાઈ.

ગ્રહના નામ લાવવા વિષે સુચના,—ઘરની ચાર દીશામાં પુર્વાદિક ક્રમથી અંક જોવા. જેમ પુર્વમાં ૧, દક્ષીણમાં ૨, તથા પશ્ચિમમાં ૪, અને ઉત્તરમાં ૮, એ પ્રમાણે અંક સ્થાપન કરવાં અને ગ્રહનું મુખ જે દીશામા હોય તે દીશાનો અંક લેવો, અને જે દીશામાં વલ્લાન ૧, ૨, ૩, અથવા જે અંક હોય તે લઇને બને એકત્ર કરવાં તેમાં ૧ વધારીને જે સંખ્યા થાય તે ૧૬ નામમાં નામ રાખવુ.

## ગ્રહ નામની આરજા (૪૮)

ધ્રુવ ધાન્ય જય એમ જાણ, નંદ, ખર, કાંત પ્રમાણ
મનોરમ. ને સુમુખ તુ ગણ, દુર્મુખ ક્રુર, રીપુદ ભાણ.
ધનદ, ક્ષય, આક્રય ધાર, વિપુલ, વિજયએ સોળ ઉચ્ચાર

## ગ્રહારંભ માસની આરજા (૪૯)

 પૌષ ફાલ્ગુન વઈશાખ માસ,
ભાદ્રપદ શ્રાવણ કારતિક માસ,
ઘરનો આરંભ કરશે જેહ,
સર્વ વાતે સુખ્યો તેહ.

---

## ૧૨ માસના ફળની આરજા (૫૦)

ચૈત્ર શોક વઈશાખે ધાન્ય, મૃત્ય જેષ્ટ માય,
અષાડ માસમાં પશુ હાની, શ્રાવણ લક્ષ્મી થાય.
ભાદ્રવે દરિદ્રી આશ્વિને કલેશ, કાર્તીક શેવક નાશ
માગસિર પૌષે ધન પ્રાપ્તિ, માઘમાં અગ્નની ભાશ,
ફાલ્ગુન માસે લક્ષ્મી પ્રાપ્તિ, રહે સદા સુખવાસ,
ગ્રહ સ્થાપન એમ કરવુ, ફળ જોઇ બારમાસ.

---

## ઘર, મુખ દિશાની આરજા (૫૧)

કર્ક મકર ને સિંહ કુભ, સુર્ય હોય જો એનો,
પુર્વ પશ્ચીમે દ્વાર મુકો, દોશ નહી ત્યાં તેનો,
તુલા મેષ ને વૃશ્ચિક, વૃષભનો સુર્ય હોય,
દક્ષીણ ઉત્તરમાં દ્વાર રહે, એમ જોષિજી જોય,

---

## વૃષભ ચક્રની આરજા (૫૨)

પ્રથમ નક્ષત્ર ત્રણ, જાણુ લક્ષ્મી વાશ,
બીજે ચાર નક્ષત્રમાં, સદા રહેશે ઉદાસ,

ત્રુતિઆ નક્ષત્ર ચાર, સ્થિરતા ફળ જાણ,
ચોથે નક્ષત્ર ગુણમાં, લક્ષમી વાશોભાણ,
પાંચે ચતુર નક્ષત્રમાં, દુઃખ દરીદ્રતા ખાશ,
છઠે નક્ષત્ર ચારમાં, જાણ લક્ષમીનો વાશ,
સાત ભાગે બે નક્ષત્ર, રોગ અતિશે થાય,
આઠે નક્ષત્ર ગુણમાં, નીશ્ચે મુત્યુ થાય.

**સુચના**—સૂર્ય નક્ષત્રથી દિન નક્ષત્ર લગી ગણી ક્રમવાર નક્ષેત્ર ચોજવાં.

---

### પાયાની આરજા (૫૩)

શ્રવણ મ્રગ ને રેવતી હસ્ત,
રોહીણી પુષ્ય ત્રણ ઓત્રા સહીત
અશ્વની નક્ષત્રમાં મુહુર્ત સારૂ,
રવી મંગળ એ બેનેજ ટાળુ.

**સુચના**—પ્રથમ ખોદેલા પાયા અને પાષાણની પુજા કરી પછી પુર્વ પશ્ચિમની વચમા અગ્નિ કોણમાં પેલો પાષાણ બેસાડી પશ્ચાત દક્ષિણના ક્રમથી પાયો પુરવો.

---

### દુષ્ટ ચોગની આરજા (૫૪)

વર્જ્ય, વ્યાઘાત ને શુલ જાણ,
વ્યાતપાત ને વિષ્કભ ધાર,
પરીઘ, ચોગ ને મંગળ રવી,
ઘર બાંધવા તશદી ન લેવી.

## શેષની આરજા (૫૫)

કન્યા સિહ ને તુલા જાણ, શેષ મુખ ઈશાન આણ,
કુંભ મીન ને મેષ માંહી, શેષ મુખ નૈરૂત્ય જાઈ,
વૃશ્ચિક ધન ને, મકર લહુ, શેષ મુખ વાવ્ય કહુ,
વૃષ મીથુન ને કર્ક ખાશ, અગ્નિ માંહી શેષનો વાશ.

સુચના:—જે દીશાપર શેષનુ મુખ હોય તે દીશાએ ખાત ભરવું નહી.

---

## કાચ્છપની આરજા (૫૬)

*કુર્મ ચક્રની તીથી જેહ, પાંચે ગુણવા તેને તેહ,
કૃતીકા વીષે નક્ષત્રત્યાગ બાર મીલાવી નવે ભાગ,
વધે શેષ ફળ કાચબ સ્થાન, કહુ છું માટે દેજો કાન,
ચતુર સાહેર જન્મ સાર, કાચબ જલમાં સુખઅપાર,
પાંડુ કર પર્વત જાની, કાચબ ભુમી જાણો હાની,
ગુણ ખરને નાગે કહી, કુર્મ આકાશે મૃત્યુ સહી.

---

## સ્તંભ ચક્રની આરજા (૫૭)

મુળમાં નક્ષત્ર બે, ફળ એ ધનની હાની,
વીસ મધ્ય સ્થાનમાં, સૌરવ્ય ફળ લો માની;
ખટ નક્ષત્ર ટોચપર, મૃત્યુ ફળ દેનાર;
સુર્ય નક્ષત્રથી દીન લગી, ગણત્રી એમ વીચાર.

---

* કાચબો

## મોભની આરજા (૫૮)

પહેલા ભાગે ત્રણ છે, અસુભ તેને જાણ,
બીજે ભાગે પાંચ તે, શષ્ટ સદા પ્રણામ,
મધ્યે અષ્ટ સુભ છે, ચોથે અષ્ટ નીરાશ.
ચોથે ત્રણમાં શુભ છે, રહીશ નહી ઉદાશ

---

## ગ્રહ પ્રવેશ આરજા (૫૯)

ચીત્રા ને અનુરાધા, મૃગ રેવતી જાણ;
ધનીષ્ટા ને શ્રવેણી, મુળ નક્ષત્ર ધાર;
એ નક્ષત્રમાં વાશ કરી, કરવો જગ્ન જાગ,
રવી ભોમ ને રીકતા નકકી કરવો ત્યાગ,

---

## તીમાસી રાહુની આરજા (૬૦)

ફાગણ ચૈત્ર ને વીશાખ માસ,
દક્ષીણ દીશા એ રાહુનો વાશ,
જેઠ અષાડ ને શ્રાવણ માસ,
પશ્ચિમ દીશાએ રાહુનો વાસ.
ભાદ્ર આશ્વીન ને કાર્તીક માસ,
ઉત્તર દીશાએ રાહુનો વાશ,
માગશીર પોષ ને મહા માસ,
પુર્વ દીશાએ રાહુનો વાસ.

---

## યોગણીની આરજા (૬૧)

પડવે નેમ પુર્વ માહી, બીજ દશમ ઉત્તર જાઈ,
ત્રીજ અગીયારશ અગ્નિ ગઈ, ચોથ બારસ નૈરૂતભાઈ,
પાંચમ તેરશ દક્ષીણ વાશ, છઠ ચોદશ પશ્ચિમ ખાસ,
સાતેમ પુનેમ વાયુ માહી, આઠમ અમાસ ઈશાન જાઈ.

---

## કાળ દિશાની આરજા (૬૨)

આદીત ઉત્તર સોમે વાવ, મગળ પશ્ચીમ માહી,
બુધ નીરૂત ગુરૂ દક્ષીણ શુક્ર પુર્વ જાય.

---

## * વાર શુળની આર (૬૩)

સોમ શની પુર્વ ગયો, ગુરૂવારે જાય દક્ષીણ રહ્યો.
બુધ મગળ ઉત્તર જાય, રવી શુક્ર પશ્ચિમ જાય

**સુચના**—રાહુ, યોગણી, કાળ તથા શૂળ નવા ઘરમા વાશ કરતાં અથવા પરદેશ કે તિર્થ યાત્રા કરતાં અવસ્યજોવા

---

## અગ્ની ચક્રની આરજા (૬૪)

પ્રતિપદામાં એક મીલાવવો, અગર હોય જે વાર,
ચારે ભાગ્યા પછી શેષનો, પુરણ કર વિચાર,
ત્રણે અગ્ની મૃત્યુ લોકમાં સૌરવ્ય પ્રાપ્તિ થાય,
એક સ્વર્ગમાં મૃત્યુ, ૪ર પાતાળ અર્થ જાય..

ઈતી વાસ્તુ મહીમા સપુર્ણ.

---

* દીકશુલ ઇશાન કોણે કાળ જતો નથી.

# અથ સંક્રાતિ પ્રકરણ.

## સંક્રાતિ નામની આરજા (૬૫)

રવી ઘોરા સોમ ધ્વાક્ષી, મહોદર મંગળવાર,
બુધે મદાકી ગુરૂ નંદા, શુક્ર મિશ્રાધાર,
શનિ રાક્ષણી એ પ્રમાણે, સંક્રાંતિનામ ઉચ્ચાર.

---

## સંક્રાંતિ નામની આરજા બીજી (૬૬)

(ઉગ્ર) ત્રણ પૂર્વાને ભરણી મઘા, ઘોરા નામ પ્રમાણ,
(ક્ષિપ્ર) હસ્ત અશ્વની પુષ્ય અભીજીત, ધ્વાક્ષી નામ ઉચ્ચાર
(ચર) સ્વાતિ પુનર્વસુ શ્રવણ ધનીષ્ઠા, સતતારા લઇ નામ.
એ નક્ષત્રમા હોય સંક્રાતિ, ખર મહોદરી નામ.
(મૈત્રી) મૃગ રેવતી ચીત્રા અનુરાધા, મદાકીની નામ દેજો,
(ધ્રુવ) ત્રણ ઉત્તરાને રોહીણીમાં, નામ મદાકી કહેજો,
(મિશ્ર) વિશાખા કૃતિકા બે નક્ષત્રો, નામ મીશ્રા દેજે,
(દારૂણ) મુળ જેષ્ઠા આદ્રા અશ્લેષા, રાક્ષસી નામ કેવુ.

---

## નામ પ્રમાણે ફળ (૬૭)

ધ્વાંક્ષી વૈશ્યને સુખ, મહોદરી ચોરને જાણ,
ઘોરા સુખ છે શુદ્રને, મંદાકી રાજ પ્રમાણ,
નંદા સુખ છે બ્રાહ્મણને, મીશ્રા પશુને ધાર,
રાક્ષસી સુખ ચંડાલને, નામ ફળ ઉચ્ચાર.

---

## કાળ સંક્રાતિ ફળ. (૬૮)

દીવસ પહેલાં ભાગમા. વિપ્રરાજને દુઃખ.
મધ્યાન દુઃખ વૈસ્યને, ત્રીજે નહિ શુદ્રને સુખ,
રાત્રી પહેલાં ભાગમાં, દુઃખ પીશાચરે જાણ,
રાત્રી બીજા ભાગમાં, રાક્ષસ એમ પ્રમાણ.
અરૂણોદય પશુ પાલકને, દુઃખ રહેશે અપાર.
સુર્યોદયમાં ગોશાંઇને, સુખ રહેશે ન લગાર.

---

## સંક્રાત મુખની આરજા (૬૯)

રવી શુક્ર મુખ પુર્વ ગણ,
બુધ મગળે દક્ષીણ ભણ,
શની સોમ પશ્ચિમ વાશ,
ગુરૂ મુખ ઉત્તરે ખાશ.

---

## સંક્રાંત દ્રષ્ટીની આરજા. (૭૦)

સોમ ગુરૂ અગ્નિ મોઝાર,
રવી શુક્ર નીરૂત્ય ધાર,
મગળ માંહી વાવ્ય ભણીજે.
બુધ શની ઇશાન કહીજે.

---

## સંક્રાંત ગમનની આરજા (૭૧)

શની સોમ સક્રાંત કરે, ઉત્તર દીશા ગમન કરે,
બુધ મગળ આવે સંક્રાંત પશ્ચિમ દીશા ગમનની વાત,
રવી શુક્ર દક્ષીણ સાર, ગુરૂ ગમ ન પુર્વ ધાર.

---

## સક્રાંત સ્થિતિની આરજા. (૭૨)

બવ બાલવ, ગર, બેઠી, કૌલ વણી કીસ્તુ ઉભી સાર,
તૈતી, ચતુ, નાગ, વિષ્ટી, ગુતી સંક્રાતી વીસ્તાર.

---

## સક્રાતિ વાહન આરજા (૭૩)

બવે સિંહ, બાલવ વ્યેઘ. કૌલ બશુર વાહન,
તેતી ગધા, વણી ભેંસ, ગર હાથીનુ વાહન,
વીષ્ટી ઘોડો, શ્વાન શકુ, ભેસ ચતુ વાહન,
નાગ બેલ, કીસ્તુ મુરઘ, એટલાં જાણુ વાહન.

---

## ઉપ વાહન આરજા (૭૪)

બવ હાથી, બાલવ ઘોડો, કોલ બગઠ પ્રમાણુ,
તૈતી મેઢા, ગર ગધો, વણી ઉચ તુ જાણ,
વિષ્ટી સીહ, સકુ ચીતો, ચતુ ભેસ ઉચ્ચાર,
નાગ વાઘ, કીસ્તુ વાનર, ઉપ વાહન એ કાર.

---

## સંક્રાત વસ્ત્ર આરજા (૭૫)

બવ સફેદ, બાલવ પીલા સાર,
કૌલ દ્રલા, તૈતી ગુઠ ઉચ્ચાર,
ગર લાલ, વણીનીલ નીરધાર,
વીષ્ટી કૃષ્ણ શકુ છીટ વીસ્તાર,
ચતુ કર્ણ નાગ સફેદ નીજ જાણ,
કીસ્તુ ધુમ, સકાતિ વસ્ત્ર પ્રમાણ.

---

## સક્રાંતિ આયુધ આરજા (૭૬)

તોફ બવ, ગદા બાલવ, કૌલ મડગો સાર
તૈતી દડ ગર ધનુર, વણી ગનકા ધાર,
વીષ્ટી ભાલો, કૌસ શકુ, ચતુ અકુ વીસ્તાર,
કીસ્તુ વાણ આયુધ છે નાગ સમજ તલવાર,

---

## સંક્રાતિ પ્રાત્ર, ભક્ષ, આરજા (૭૭)

બવ પાત્ર સોના તણુ, અન્ન તણો છે અહાર,
બાલવ જાણુજો ચાંદીનુ, ખીર તણો વહેવાર,
ત્રાંબા પાત્ર કૌલ તણુ, ભાત તણુ ભોજન,
તૈતી કાંશા પાત્ર છે, ઘેવર ખાણુ મન,
લોઢા પાત્ર છે ગરનુ, દુધ ભક્ષણ કહી,
વણી પાત્ર છે માટીનુ, ભોજન જાણજો દહીં

વાન્ટી પાત્ર પીત્તળનુ, ખીચડી ખાવણ સાર,
શકુ પાત્ર વસ્ત્રનુ, દુધ પીવણ હાર.
ચતુ હાથ એ પાત્ર છે, સહજ ભોજન ધાર.
નાગ પાત્ર ભોમીયે, ધીવર ખાણુ સહી,
કાષ્ટ પાત્ર કીસ્તુનુ, ચીની વીના કાંઈ નહિ.

---

રાક્રાતિ લેપન વર્ણ આરજા. (૭૮)

અત્ર જાતી દેવની, કસ્તુરી લેપન,
કોકિલ જાતિ સર્પની, લેપન છે ચદન,
બાલાર લેપન શેરીનુ, ભુત તણી છે જાત,
તઈની ગાગી ચંદન, પશુ માંહીની નાત,
ગર ગૌરૂ ચદર, ક્ષગના પશુ જન,
પણી રત દગીી જાણી, સિંઘ તણા એ તન,
ગીન્ટી ગરીકા જાણવુ, વર્ણ ક્ષત્રીના સાર,
શકુ કાજળ જાણવી, વૈસ્યનો વીસ્તાર
ચતુએ સીદુર જાણજો, એની શુદ્ર વર્ણ કહી.
નાગ અગર ચદન છે, વરણશંકર એ સહી,
કીસ્તુ કપુર લેપન છે, જાતિ ચંડાળની સહી,
એ પ્રમાણે વર્ણ લેપન, આરજા વર્ણી કહી.

---

## સંક્રાતિ પુષ્ય આરજા. (૭૯)

બવ કેસર, બાલવ જાઈ, કોઉલ મોગર સાર,
તૈતી કેવડો ગર બેલ, વણીનો જાણુ મંદાર
વિષ્ટી કમલ શકુ દુર્બાસ, ચતુ બેવ ઉચ્ચાર
નાગ ગુલાબનુ પુષ્પ છે, જોષી કહેજો સહી
કીસ્તુ મોગર પુષ્પ છે, એમાં સંદેહ નહી.

---

## સંક્રાતિ વય આરજા (૮૦)

બાવ બાલા બાલવ કુમારી, કોલ યુવા સાર,
તૈતી વૃધ્ધા, ગર મધ્યમં, વાણી અત્યધાર,
વિષ્ટી વૃદ્ધા શકુ વંધ્યા, ચતુ અત્ય જાણુ,
નાગ તણી પુર્ણાવસ્થા, બદરૂ કીસ્તુ ગાણ

---

## સંક્રાતિના મુહુર્તોની આરજા (૮૧)

આદ્રા સ્વાંતિ ને ભરણી, શતતારકા અશ્લેખા સહી;
જેષ્ટા સહીત પંદર મુહુર્તો, ફળ દુર્ભાક્ષના દરષુ કહી
મઘા કૃતિ અશ્વની, મૃગ મુળ, ચીત્રા અનુ શ્રવણુ સાર,
ધનિષ્ઠા રેવંતી ત્રણ ઓત્રા ત્રીશ, ફળ એ મધ્યમ ધાર,
રોહીણી પુનર્વસુ ને વીશાખા, ત્રણ ઓત્રા સંગે લહો,
પીશતાળી મુહુર્ત છે એમના, સ્વસ્થતા ફળ એમ કહો.

---

## સંક્રાતિ પ્રમાણે અનાજ ભાવ (૮૨)

માત તિથિ સક્રાતિ ઘડી, વાર નક્ષત્ર લેહી,
અક્ષર ધાન્ય શુધ્ધા સરવાળો. ત્રણે ભાગવા સહી
જન્મ શેષમાં સસ્તુ થશે, બીજે મધ્યમ સાર.
શેષ સુન્યમાં મોઘુ થશે. એમ જોષીજી ઉચ્ચાર.

**સુચના**--હે વાચકો ! સક્રાતિની નાડી ગણી તેમાં ૯ મેલાવી અને ૭ ગુણી ૩ ભાગતાં જે શેષ બચે તેનુ ફળ ઉપર પ્રમાણે સમજવુ.

ગતમાસ, દિન સંક્રાતિ નક્ષત્ર અને પ્રાપ્ત સક્રાતિ દિન નક્ષત્ર એ બેની વચે બે અથવા ત્રણનો ફેર હોય તો સ્વસ્થતા તથા ૪ અને ૫ નક્ષત્ર અંતર ફેર હોય તો મહર્ઘતા એટલે મોઘુ જાણવુ.

---

## સંકાતિ નક્ષત્ર ફળ આરજા (૮૩)

સક્રાતિ અથ્થર નક્ષત્ર ભણ,
ત્યાંથી જન્મ નક્ષત્ર ગણ,
તેના ભાગ પાડવા ખટ,
તેના ફળનો સમજાવું વટ.
ત્રીપથા ખટ ભોગ સાર,
ગુણ વ્યાથા ખટ વસ્ત્રધાર,
ત્રી સમજો હાની ઘણી,
છઠે પ્રાપ્તિ ધનજ તણી.

**સુચના**—જેના જન્મ નક્ષત્ર ઉપર સક્રાતિ હોય તેને વેર પડશે, માસાંતમા કલેશ અને તિથી ઉપર હોય તો ધનનો ક્ષય જાણવો.

સક્રાતિના પહેલા અને પછી બે ભાગ યુક્ત મળી ૧૬ ઘડી પુણ્ય કાળ છે. પણ કદાચ અધિ રાતના પહેલા સંક્રાતિ હોય તો તેજ દીપસના ત્રીજા ભાગમા પુણ્ય કાળ જાણવો. અર્ધરાત પછી હોય તો બીજા દીવસના પુર્વ ભાગમા પુણ્ય કાળ જાણવો.

**સંક્રાંતિ પ્રકરણ સંપુર્ણ.**

---

# ગ્રહ ગોચર પ્રકરણ.

## મહાદશાની આજ્ઞા (૮૪)

આદ્રા પુનર્વસુ ને પુષ્ય, નક્ષી આશ્લેષા જાણ,
ખટ વર્ષ સુર્ય રહે, લક્ષમી કર હાણ.
મઘા પુર્વાને ઉત્રા ફાલ્ગુની, જો જરૂર ભાગ દુખ.
સોમ સ્વગુણ નિપજે, પંદર વર્ષ પુરાં સુખ,
હસ્ત ચિત્રા ને સ્વાંત, સુણ વિશાખા વાત.
આઠ વર્ષ મંગળ રહે, મન કેરે ઉચાટ,
અનુરાધા અતિ રૂડુ જેષ્ટા ને મુળ જાણ,
સતર વર્ષ સુખ પામીએ, બુધ દશા પ્રમાણ,

પુર્વા ને ઓત્રાષાઢા, શ્રવણ ધનીષ્ટા સોઈ,
દશ વર્ષ જાય દોહીલા, શની વરવા હોય,
શતતારા ને પુર્વા ભાદ્રપદા, ઉત્તરાભાદ્રપદ અપાર,
ઓગણીશ વર્ષ ગુરૂતણા, સુખ સર્વ પ્રકાર,
રેવંતી ને અશ્વની, ભરણી કહેવે વાત,
દ્વદશ વર્ષ જાય દોહીલાં, રાહુ કરે અપધાત,
કૃતિકા ને રોહીણી, મૃગશીર સુક્ર જાણ,
શ્વેત પદાર્થ પામશે, માન વધશે અપાર.

**સુચના**—જો કોઈ ગ્રહની અતરદશા કાઢવી હોય તો તેના જન્મ દશાના વર્ષ સખ્યાના અકને વર્ષ સખ્યાના અકે ગુણી તે રકમને ૧૦૮ ભાગવા તેમા જે જવાબ અંક આવે તે વર્ષ જાણવા. અને ભાગાકારમા શેષ અક રહે તેને (૧૨) બારે ગુણીને ૧૦૮ ભાગવા તેમાં જે ભાજકાંક આવે તે માસ સમજવા, વળી જો શેષ અક બાકી રહે તેને ૩૦ ગુણી તેજ અકે ભાગીને દીવસ કહાડવા, તે પછી જો શેષ અક રહે તો ૬૦ ગુણી તે પ્રમાણે ઘટીકા કાઢવી, એમ જે વર્ષ માસ દીવશ વગેરે જવાબ આવે તે ગ્રહોની અંતરદશા જાણવું

---

## વિશોતરી મહાદશાની આરજા (૮૫)

જન્મ નક્ષત્રમાં બે ક્રમ કરી, નાગે ભાગવા સહી,
શેષ બચે પછી તે પ્રમાણે, દશા દેજો કહી.

નેત્ર સુર્ય કર ચંદ્રમાં, ગુણુ ભોમ નીરધાર,
ચતુર્થ રાહુ પંચે ગુરૂ, ખટ શનિસર વાર,
સસ્તા બુધ કેતુ પર્વતિ, સુન્ય સુક્રવાર,
એમ પ્રમાણુ વિશોતરી, દશા તણો વિસ્તાર.

---

## નિત્ય દશા ક્રમ આરજા. (૮૬)

તિથિ વાર અંક નક્ષત્ર કહી,
સ્વ નામની સખ્યા લઈ,
સર્વ એકઠા કરવાં સાથ,
પછી તેને નવે ભાગ,
વધે શેષ તે ફળ તુ માન,
કરૂ વિસ્તાર તે દેજો કાન,
જન્મ શેષે સૂર્ય સહી,
કર ચદ્ર તમ દેજો કહી,
ગુણુ જાણો મંગળ વાર,
ચોથે રાહુ કર ઉચ્ચાર,
પાંચે ગુરૂ તણો મહીમાય,
છઠે દીશા શનિશ્ચર ગણાય,
સાતે બુધ દશા પ્રમાણુ,
આઠ દશા કેતુની જાણુ,
નવ એકે સુકર સાર
નિત્ય દશા તુ એમ ઉચ્ચાર.

---

## નિત્ય દશા ક્રમની આરજા. (૮૭)

### અન્યમત.

જન્મ નક્ષત્ર ચોગણી સાર,
તેમા મેલાવ અંક તિથીવાર,
સર્વ એકત્ર કરવાં ભુલીશ નહિ
નવે ભાગ તમે દેજો સહી,
શેષ ફળ જે વધે વશા,
જન્મ શેષ સુર્યની દશા,
દર શેષ માં ચદ્ર કહી,
ત્રણે મગળ જાણો સહી,
ચતુર બુધની દશા કહી,
પાંચ શેષ ગુરૂ સદેહ નહિ,
છઠે શુક્ર એમજ ભણુ,
સાતે દશા શનીની ગણુ,
આઠ શેષમાં રાહુ ગણી,
શુન્ય દશા કેતુ તણી,

અંતરદશા વિષે સુચના–નિત્ય દશાથી જે દશાનું અતર કેવું હોય તેને વર્ષ દશાના અંકને પ્રાપ્તદશાના અંકે ગુણીને ગુણકાંકને ૩૬ ભાગવા, ત્યારે અતરદશા આવે છે.

### સૂર્યની દશા ફળ. (૮૮)

સ્નેહી વિયોગ ને ચિંતા ભય, ચોર પીડા ને દ્રવ્યનાશ,
એટલુ ફળ દશા સૂર્ય તણુ, જોષી સમજજો ખાસ.

---

### ચંદ્ર દશાનું ફળ. (૮૯)

સુવર્ણ ઘોડા હાથી સહી,
બળ વૃધ્ધીને ભોજન કહી,
સર્વ શત્રુનો જાણજો નાશ,
ચંદ્ર દશાનુ ફળ એ ખાસ.

---

### ભોમની દશાનું ફળ (૯૦)

રાજ ભયને ચોરજ અગ્નિ,
જવર પીડાથી ચિંતા અંગની,
બહુ કષ્ટ દરિદ્રી જાણ,
ભોમ દશા ફળ એ પ્રમાણ.

---

### ગુરૂની દશાનુ ફળ. (૯૧)

રાજા ધિકાર ધનનું સુખ,
નીરોગ અંગ મળે ન દુઃખ,
ધર્મ કાર્યપર ચિંત અપાર,
ગુરૂ દશા ફળ એમ ઉચ્ચાર.

---

### શનિ દશા ફળની આરજા. (૯૨)

મીથ્યાવાદ ને બધન સાર,
કુટુંબ કલેશ ને દુઃખ અપાર,
દ્રવ્ય કાર્યનો સમજો નાશ,
શની ફળ એમ સમજો ખાસ

---

### બુધની દશા ફળની આરજા (૯૩)

ઉત્તમ સ્ત્રી સર્વ સુખ,
રત્ન વૈભવનું મળે ન દુઃખ,
ઇશ્વર ધ્યાને મન રહે સુદ્ધ,
દશા ફળ એ જાણજો બુધ.

---

### કેતુ દશાનું ફળ. (૯૪)

સ્ત્રી વિયોગ ન દ્રવ્ય નાશ,
રોગ બુદ્ધીથી રહે ઉદાસ,
બધુથી વેર દેશાંતર વાસ,
કેતુ ફળ એમ જાણો ખાસ

---

### શુક્ર દશા ફળ (૯૫)

હસ્તી ઘોડા ને વાહન સાર,
છત્ર પ્રાપ્તિ ધન અપાર,
પુત્ર પરીવાર ચિંત રહે શાંત.
શુક્ર દશા ફળ શાક્ષાત.

## નવ ગ્રહના દાન તથા જપ સંખ્યાનુ કોષ્ટક. (૯૧)

| ગ્રહનામ | રવી | ચંદ્ર | મગળ | બુધ | ગુરૂ | શુક્ર | શનિ | રાહુ | કેતુ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| દાન આપવાનું | સોનુ<br>તાંબુ<br>માણેક<br>ઘઊ<br>સા. ગાય<br>ગોળ<br>કાસ. વસ્ત્ર<br>લાલકરેણ | સોનુ<br>રૂપુ<br>મોતી<br>ચોખા<br>બળદ<br>ઘી<br>ધોળુવસ્ત્ર<br>ધોરૂ ફુલ | સોનુ<br>તાંબુ<br>પરવાળુ<br>મસુર<br>બળદ<br>ગોળ<br>રાતુવસ્ત્ર<br>રાતુ ફુલ | સોનુ<br>કાસુ<br>પાનુ<br>મગ<br>હાથી<br>ઘી<br>લીલુવસ્ત્ર<br>સાદુફુલ | સોનું<br>કાંસુ<br>પોખરાજ<br>ચણા<br>ઘોડો<br>સાકર<br>પીળુવસ્ત્ર<br>પીળુ ફુલ | સોનુ<br>રૂપુ<br>હીરો<br>ચોખા<br>ઘોડો<br>ઘી<br>છીટ<br>ધો. ફુલ | સોનુ<br>લોઢુ<br>કાળુમણી<br>અડદ<br>ભેસ<br>તેલ<br>કા કામળ<br>કા. ફુલ | સોનુ<br>શીસુ<br>ગોમેદરત્ન<br>તલ<br>ઘોડો<br>તેલ<br>કા. કામર<br>કા. ફુલ. | સોનું<br>લોઢું<br>લસણીયું<br>તલ<br>બકરો<br>તેલ<br>કા. કામર<br>કા. ફુલ |
| જપ સંખ્યા | ૭૦૦૦ | ૧૧૦૦૦ | ૧૦૦૦૦ | ૪૦૦૦ | ૧૯૦૦૦ | ૧૬૦૦૦ | ૨૩૦૦૦ | ૧૮૦૦૦ | ૧૭૦૦૦ |

**સુચના**:-ગ્રહપીડા નિવારણુર્થે દેવતાઓને તથા બ્રહ્મણોને વંદન કરતાં રહેવું વિદ્વાન પુરૂષોના મુખ દ્વારાએ શ્રુતિ, સંમૃતિ અને ઉતમ પ્રકારે હરી કથા શ્રવણ કરવી અને ગ્રહના કીરણ પ્રમાણે હોમ ક્રિયા કરે તે ગ્રહ પીડાથી મુકત થાય છે.

ગ્રહ ગોચર સંપુર્ણ.

## અથ નક્ષત્ર પ્રારંભ.

### નક્ષત્ર સોધનની આરજા. (૯૭)

ચૈત્રાદી ગત માસને, બમણા કરવા ભાઈ,
તીથી તેમાં મીલાવીને, કરવો કેવો ન્યાય,
શુદ્ધમાં એક કૃષ્ણમાં બે, કમી કરવા સાર,
વધે શેષ તે જાણવું, નક્ષત્ર નીરધાર.

### અધોમુખ નક્ષત્રની આરજા. (૯૮)

મુળ કતિકા મધા, ભરણી જાણ અશ્લેખા સાર,
વીશાખા ને ત્રણ ઓત્રા, નવ અધોમુખ ઉચ્ચાર,
વાવ કુવા ને તળાવો, પરીક્ષા ધન સંગ્રહ,
ઈતા કાર્ય અધો મુખમાં, થાશે નહી કાંઈ વીગ્રહ

### તિર્યંડ્મુખ નક્ષત્ર આરજા. (૯૯)

જેષ્ટા પુનર્વસુ હસ્ત અશ્વની, મૃગ રેવંતી જોય,
અનુરાધા ને સ્વાંતી ચીત્રા, તિર્યંડંમુખના હોય

## ઉર્ધ્વમુખ નક્ષત્ર આરજા. (૧૦૦)

પુષ્ય આદ્રા ને શ્રાવણ સતારકા રોહીણી ધનીષ્ઠાસાર,
ત્રણ ઉતરા એ નવ નક્ષત્ર, ઉર્ધ્વમુખનાં ઉચ્ચાર,
દેવ દેવાલય મંદીર કોટ, બગીચો કરતા ન આવે ખોટ.

---

## ધ્રુવ નક્ષત્રની આરજા (૧૦૧)

રોહીણીને ત્રણ ઉત્તરા સહી, ઉર્ધ્વમુખ દેજો કેહી,
ખેતીવાડી ને વાવે બીજ, બાગ બગીચે થાશે રીઝ.

---

## મૃદુ નક્ષત્રની આરજા. (૧૦૨)

ચિત્રા નુરાધા મૃગા રેવત, મૃદનક્ષત્ર એને કહત,
મિત્ર સ્ત્રીસંગ અલંકારધારન, ગાવુ વગાડવુ મંગલકરન

---

## લઘુ નક્ષત્રની આરજા (૧૦૩)

અશ્વની પુષ્ય હસ્ત લહુ, લઘુ નક્ષત્રો એને કહુ,
દુકાન ક્રિડાકે ઔષધ લેવુ, ગુરૂ ઉપદેશ એમાં કહેવુ.

---

## તીક્ષ્ણ નક્ષત્રની આરજા (૧૦૪)

મુળ જેષ્ટા ને આદ્રાધાર, અશ્લેષા એ તિક્ષણ સાર,
ભુત સાધન ને મંત્ર સંહી, મરણ ક્રિયાનુ દેજો કહી.

---

## ચર નક્ષત્રની આરજા [૧૦૫)

શ્રવણ ધનીષ્ટા પુનર્વસુ સહી, સતતારા સ્વાંતિએમાં લઈ,
હાથી ઘોડા વાહન વાડી, લેવો દાશ કે ઘરની લાડી.

---

## ઉગ્ર નક્ષત્રની આરજા (૧૦૬)

ત્રણ પુર્વા ને ભરણી મઘા એતા નક્ષત્ર જાણો ઉગ્રા,
નાશ એમાં વિખ પ્રયોગ કરવો, મારણ બંધન સંઘરવો.

---

## મિશ્ર નક્ષત્રની આરજા (૧૦૭)

કૃતિકા વિશાખા મિશ્ર ધાર, ધ્રુવાદીક પ્રમાણે સિદ્ધીસાર.
રોહીણી મૃગ આદ્રા પુનર્વસુ, અંધ નક્ષત્ર એને કેસુ.

---

## અંધ નક્ષત્રો આરજા.

**સુચના**—રોહીણીથી અંધ, મદલોચન, મધ્યેલોચન, સુલોચન એ ચાર સંજ્ઞા ૨૮ નક્ષત્રોની ક્રમવાર જાણવી.

---

## ગત વસ્તુ પરિજ્ઞાન. (૧૦૮)

અંધે જલદી પામશે, મદ લોચન દીવસ ત્રણ,
મધ્યે ૬૪ દીવસમાં, મળશે નિશ્ચે ભણ,
સુલોચને મળશે નહિ, એમ નક્ષત્ર ગણ.

---

### ગત વસ્તુ દીશા ગમન (૧૦૯)

અંધે લોચન પુર્વ દીશા, મધે દક્ષિણ સાર,
મધ્યે પશ્ચિમ જાણવી, સુલોચને ઉતરધાર.

---

### ગત વસ્તુ સ્થિતિ (૧૧૦)

અધે જલદી પામશે, મદે કષ્ટ અતિ,
મધ્યે ખબર પામશે, સુલોચને પતો નથી.

---

### ગત વસ્તુ સ્થાન (૧૧૧)

પ્રશ્નકાળની સ્થીતી સાર, વાર નક્ષત્ર પહોર વિચાર
સર્વ અંકને એકઠા રાખ, દશે ગુણી સાતે ભાગ,
વધે શેષ તે ફળ છે સહી, એક શેષે ભુમીમાં ગઈ.
નેત્ર શેષે બધન ખાસ, ત્રણ બચે જળમાં વાશ,
ચારે અતરીક્ષ વેરાગમાંય, પાચે કહેજો મુખની માય,
છઠે ગોબારમાં જાણો ભાઈ, સ્થાન તણો એ મહીમાઈ.
ગત વસ્તુ પરિજ્ઞાન સપુરણ.

---

## વર્ષ જ્ઞાન પ્રારંભ.

---

### શકપરથી સંવત્સર, આરજા. (૧૧૨)

શાહાલીવાન શકથી, લેવો સવત્સર હોય,
બાર મેળવી સાઠે ભાગતાં, શેષ સવત્સર થાય.

## શકઉપરથી સવંત. (૧૧૩)

**શાહાલિવાન શકમાંહેન, આસો વદ એકસો ત્રેપન,**
**એકસો છત્રી કારતકથી સહી, મેળવી સંવત દેજો સહી.**

### (સંવત્સરના નામ.)

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | પ્રભવ | ૧૬ | ચિત્રભાનુ | ૩૧ | હેમલંબી | ૪૬ | પરીધાવી |
| ૨ | વિભવ | ૧૭ | સુભાનુ | ૩૨ | વિલંબી | ૪૭ | પ્રમાદી |
| ૩ | શુક્લ | ૧૮ | તારણ | ૩૩ | વિકારી | ૪૮ | આનંદ |
| ૪ | પ્રમોદ | ૧૯ | પાર્થીવ | ૩૪ | શાગરી | ૪૯ | રાક્ષસ |
| ૫ | પ્રજાપતિ | ૨૦ | વ્યય | ૩૫ | પ્લવ | ૫૦ | અનલ |
| ૬ | અંગીરા | ૨૧ | સર્વજીત | ૩૬ | શુભકૃત | ૫૧ | પાગલ |
| ૭ | શ્રીમુખ | ૨૨ | સર્વધારી | ૩૭ | શોભાન | ૫૨ | કાલયુક્ત |
| ૮ | ભાવ | ૨૩ | વિરોધી | ૩૮ | ક્રોધી | ૫૩ | સિદ્ધાર્થી |
| ૯ | યુવા | ૨૪ | વિક્રતિ | ૩૯ | વિશ્વાવસુ | ૫૪ | રૌદ્ર |
| ૧૦ | ધાતા | ૨૫ | ખર | ૪૦ | પરાભવ | ૫૫ | દુરમતિ |
| ૧૧ | ઈશ્વર | ૨૬ | નંદન | ૪૧ | પ્લવંગ | ૫૬ | દુર્દીભ |
| ૧૨ | બહુધાન્ય | ૨૭ | વિજય | ૪૨ | કિલક | ૫૭ | રૂધીરોદ્ગારી |
| ૧૩ | પ્રમાથી | ૨૮ | જય | ૪૩ | સૌમ્ય | ૫૮ | રક્તાક્ષી |
| ૧૪ | વિક્રમ | ૨૯ | મન્મથ | ૪૪ | સાધારણ | ૫૯ | ક્રોધ |
| ૧૫ | વૃષ | ૩૦ | દુર્મુખ | ૪૫ | વિરોધકૃત | ૬૦ | ક્ષય |

---

## સંવત્સર ફલમ આરજા. (૧૧૪)

**જે સંવત્સરનું જોવુ હોય ફળ તેના આંકડા બમણા કર,**
**તેમાંથી ત્રણ કરવા બાદ, પછી તેને સાતે ભાગ,**

વધે શેષ તે ફળ સમજાય, જન્મ ચતુરે મહર્ગતાં ભાઇ,
સુભીક્ષતા ૧ી અને પાંડુ સહી ખટ ત્રીએ મધ્યમ કહી,
શેષ શુન્ય લોક પીડા ભણું, એમ ફળ સવંત્સર ગણુ.

---

## સવંત્સરના સ્વામી (૧૧૫)

**સુચના**—પાંચ વર્ષનો એક યુગ તે મુજબ ૬૦ સવત્સરના ૧૨ યુગના સ્વામી ૧૨ સમજવા.

વિષ્ણુ બ્રહસ્પતિ ઇદ્રસાર, અગ્નિ બ્રહ્મા શીવમોરાર,
પીતર વિશ્વદેવ ચદ્ર ભણી, *અશ્વની *અક ભાગલો ગણી

---

## સવંત્સરના ત્રીગુણી દેવ. (૧૧૬)

પ્રથમ વિશ સવંત્સરો, આનદાદિક જેનુ નામ,
સૃષ્ટી કર્ત્તા બ્રહ્માજી પોતે, જાણો તેનો સ્વામ,
બીજે વીશ સવંત્સરો, ભાવાદિક જેનુ નામ,
વિષ્ણુ પાલન કર્ત્તા પોતે, જાણો તેનો સ્વામ.
ત્રીજે વીશ સવત્સરો, જયાદિ એવું છે નામ,
સહાર કર્ત્તા શકર પોતે, જાણો તેમનાં સ્વામ.

---

* અશ્વની કુમાર         સુર્ય *

## પંચ તિથિની આરજા. (૧૧૭)

પડવો છઠ એકાદશ નંદા, બીજ સપ્તમીદ્વાદશ ભદ્રા,
ત્રી આઠમ તેરશ જયા વકતા. ચોથનેમ ચૌદશ જાણો રિક્તા,
પાંચમ દશમ પુનેમ સાર, પુર્ણા તિથી એમ ઉચ્ચાર.

---

## અમાવાસ્યામાં વ્યતિપાત યોગ (૧૧૮)

શ્રવણ અશ્વની ધનીષ્ટા, આર્દ્રા કે મૃગા હોય,
અમાવાસ્યા તે રવીવારી, વ્યતિપાત યોગ થાય.

## અર્ધ્યોદય યોગ. (૧૧૯)

મહા મહીનામાં અમાવાસ્યા, રવીવારી સાર,
શ્રવણ સહીત વ્યાતિપાતમાં, અર્ધ્યોય યોગ ધાર.
સો સુર્ય ગ્રહણથી અધીક છે, ફળ તેનું એમ સંહી,
માટે એને એમ પાળવો, સત્ય કહું છું સંહી.

---

## અધીક માસનો આરજા. (૧૨૦)

સાહ્વાલિવાન શકમાથી, સોલસો છાશઠ કરવા બાદ,
પછી ઓગણીસે ભાગતાં, વધે શેષ તે રાખજે યાદ,
શુન્ય પરવત જેષ્ટ માસ, કરે આશ્વિન માસ,
ગુણે ચૈત્ર તમે જાણજો, પાંડુ શ્રાવણ ખાસ.
રૂદ્ર શેષે વૈશાખ આવશે, તેરે ભાદ્રપદ સાર,
સોળે અષાડ જાણજો, બાકી સહુ મીથ્યા ધાર.

**સુચના**—જે ચાંદ્રમાસમાં સૂર્યની સંક્રાંતિ ન હોય, એટલે સુર્ય એક રાશીનો પુરો ભોગ કરીને બીજી રાશીમાં પ્રવેશ ન કરતો હોય તો તે માસને અધીક માસ કહે છે. એનો સાધારણ નિયમ એવી રીતે નીકળે છે કે, અમાવાસ્યાના અંત સુધીમાં એક ચંદ્રમાસ પુરો થાય છે, અને એક સંક્રાંતિથી બીજી સંક્રાતિ સુધીનો સૌર માસ થાય છે.

ઇતિ વર્ષ જ્ઞાન સંપુર્ણ.

## અથ ગ્રહણ પ્રકરણ પ્રારંભ.

### ચંદ્ર ગ્રહણની પ્રવૃતિ (૧૨૧)

ગયા માસની બીજ અંધારી, જોજો જોષિ જોષવિચારી,
તે નક્ષત્ર પુનમે મળે, નિશ્ચે રાહુ ચદ્ર ને ગળે.

### આરજા બીજી (૧૨૨)

સુર્ય નક્ષત્ર પછી પંદરમે, ચંદ્ર નક્ષત્ર જાણ,
પૌર્ણીમાને દિ રાત્રી બાકી તે રાત્રે ગ્રહણ પ્રમાણ.

## સુર્ય ગ્રહણ પ્રવ્રતિ. (૧૨૩)

ગાથા માસની ત્રીજ અંધારી. જોષિ જુઓ જોષ વિચારી
તે નક્ષત્ર અમાસે મળે. નિશ્ચે રાહુ સુર્ય ને ગળે.

---

## ચંદ્ર ગ્રહણનું ફળ (૧૨૪)

જન્મ રાશીથી ગ્રહણ રાશી, ગણી એક વિચાર,
ત્રી ખટને અવતાર રૂદ્ર, અતી શુભ ઉચ્ચાર,
કર જન્મ નાગ પાંડુ. મધ્યમ ફળ તુ જાણ,
ચતુર પર્વતને મેઘ ફળ સદા કનિષ્ટ પ્રમાણ.

---

## સુર્ય ગ્રહણનું ફળ. (૧૨૫)

જન્મ રાશીથી ગ્રહણ રાશી, એક ગણત્રી કર,
ગુણ પર્વત ને રૂદ્ર ચલુ, સદા શુભ છે ફળ,
આકુ નાગ ને ખટમે એકે, ફળ મધ્યમ સાર,
કર જન્મ અવતાર મેઘ, કનીષ્ટ ફળ ઉચ્ચાર.

ઈતી ગ્રહણ પ્રકરણ સંપુર્ણ.

---

# પ્રશ્ન પ્રકરણ.

---

## તિથી પ્રશ્ન આરજા (૧૨૬)

તિથી વાર નક્ષત્ર પહોર, એકત્ર કરી ત્રણે ભાગ,
શેષ બચે સત તમ રજ વિચારી, અસુભ ફળને જલદી ત્યાગ,

મેષ સત્ય તતકાળ સિધ્ધિ, દુજે રજ વિલંબ વિચાર,
ત્રીજે તમ શેષમાં સિદ્ધિ નહિ, જોષિ ઉત્તર એ ઉચ્ચાર.

---

## સ્વ છાંયા પ્રશ્ન. (૧૨૭)

પ્રશ્ન કાળે સ્વ છાંયા, જેટલાં પગલાં હોય,
તેમાં તેર મીલાવીને, આઠે ભાગી જોય,
જન્મ લાભ કરે હાની, ગુણુ સિદ્ધિ સાર,
ચતુર શેક પાંડુ વ્રદ્ધિ, છઠે મરણુ ઉચ્ચાર,
સાતે બુદ્ધી પામશે, આઠે મરણુ સંહી,
પ્રશ્ન પુછે કોઇ જન, ઉત્તર દેજો એ કહી.

---

## નેત્ર પ્રશ્ન ઉત્તર આરજા. (૧૨૮)

નેત્ર સ્ફુરણુ મન દુઃખ નાશ, બે બાજુએ ધનનો વાશ,
નાકના આગમાં અત્યુ સાર, નેત્ર નિચે યુદ્ધ તુ ધાર,
પુરૂષ વામે જાણો ફળ શુભ, દક્ષીણ નેત્રમાં ફળ અશુભ
સ્ત્રી દક્ષીણુ ફળમાં સારી, વામે અસુભ કહો વિચારી.

**સુચના**—ગર્ભણી પ્રશ્ન માટે જુઓ આરજા નંબર ત્રીજામાં.

ઇતિ પ્રશ્ન પ્રકરણ સંપુર્ણ.

# અથ પરચુટણ આરજા સંગ્રહ.

## રોગ મુક્તિ આરજા (૧૨૯)

રેવતી અનુરાધામાં, રોગ ઉત્પન્ન હશે,
ત્યારે તો તે રોગ નિવારણ ઘણા કષ્ટથી થશે,
ઉત્તરાષા ને મ્રગમાં, જાણો એકજ માસ,
મઘા દીવસ વીસમાં, રોગી સ્વર્ગે વાસ,

## વ્યાધી નાશની આરજા. (૧૩૦)

હસ્ત પંદર દીવસમાં, ધનીષ્ટા મુળ કવ,
વિશાખા અશ્વની કૃતિકા, જાણો દીવસ નવ.
ભરણી ચીત્રા ને શ્રવણી, સતતારકામાં વાશ.
વ્યાધી દીવસ અગીયારમાં, જરૂર પામે નાશ,
ઓત્રા ભાદ્રને પુષ્ય પુર્વા ફાલ્ગુન પુનર્વસુ વશી.
વ્યાધી દીવસ સાતમાં, કહે ગર્ગાદી રૂષી.

## કુપાંરભ નક્ષત્ર આરજા (૧૩૧)

હસ્ત ચીત્રા ને સ્વાંતી, ધનીષ્ઠા સતતાર.
આદ્રા મઘા ત્રણ ઓત્રા, કુંપ કાર્ય વિસ્તાર.

## બીજ રોપણ મુહુર્ત. (૧૩૨)

**હસ્ત અશ્વની ત્રણ ઉતરા, પુષ્ટા રોહીણી સહીત**
**ચીત્રા અનુ મૃગ રેવંતી, સ્વાંતિ ધનીષ્ટા કહીત,**
**બીજ વાવે તો પાકશે, ફળફપ. વૃક્ષ એ સહીત**

---

## સર્પડંસના વર્જ નક્ષત્રો (૧૩૩)

**ક્રતિકા મુળ મઘા વિશાખા, અશ્લેષા ભરણી કેરી વાત,**
**આર્દ્રા સહીત સર્પ ડંસે તો; નીશ્ચે જાણજો ઘાત.**

## સહદેવ વિષે.

ગોદાવરી ગંગાને તીરે પ્રસિદ્ધ પૈઠણ શહેરમાં સહદેવ મહેલાં રહેતો અને તેજ નગર પાસે ત્રણ ગાઉ ઉપર જાવલી નામે નાનું ગામ છે, તેમાં ભાડલી નામે મહાન વિદ્વાન જોષિને ઘેર તેનો જન્મ થયો હતો તથા તેની જનેતા શુદ્ર હતી.

કહે છે કે, ધારા નગરીમાં જયારે ભોજ રાજા રાજય કરતાં હતાં; ત્યારે તેના વખતમાં સભાસદ વર્ગમાં સહદેવ નામે પ્રમાણીક હુંશિયાર અને વિદ્વાન જ્યોતિષી યાને જોષિઓમાં પ્રસિદ્ધ હતો.

હવે જોષીના ખુદમતે પસાર થયલાં ગ્રંથો અપ્રસિદ્ધ તો નથી, તોપણ ઘણો જાણવા લાયક જુજ ભાગ અહી વાંચનાર સાહેબોને રોશન થવા દાખલ કરૂ છુ.

આરજા. (૧૩૪)

માથા ચમકે બીજલી, દીનન ફુટે વાવ
સહદેવ કહે ભાડલી, બચ્ચા ઘરમે લાવ.

---

આરજા. (૧૩૫)

પશ્ચિમ ચમકે બીજલી, ઉત્તર ફુટે વાવ,
સહદેવ કહે ભાડલી, એહી દુકાલકોં પાવ.

---

આરજા. (૧૩૬)

ચઢા ભયો ઉદાશ, ભાનું આવે નીલ
સહદેવ કહે ભાડલી સબકા કંથડા હોજાવે દીલ.

---

આરજા. (૧૩૭)

દીનકુ આવ ધુકા, સાંજકો અબાર બર્ષન વાય,
કૈસા ઉપાઇ કીજીએ, દુન્યા કરેગી હાય હાય.

---

આરજા. (૧૩૮)

રોહિણી મૃગના, જો આદ્રા આવે પુર,
સહદેવ કહે ભાડલી, ઘર ઘર બાજે તુર.

---

## આરજા. (૧૩૯)

અષાડ સુદ્ધ પંચમી, જો ચમકે બાદલ બીજ,
કણ વેચો ધન કર રખો, બેલ પુરલો બીજ.

---

## આરજા. (૧૪૦)

આથમણો મસ તાણ્યો, પહેલા ઉગમતે સૂર,
સહદેવ કહે ભાડલી, નદી વહે ભરપુર.

---

## આરજા (૧૪૧)

ભાડલી તું કયાં દડળી, જેઠ વંઠયા મુળ,
જો વર્ષે શ્રાવણ પંચમી, થાળ ભરાવો નુર.

---

## આરજા (૧૪૨)

દાનો સુર સાફ ચલત, એકપર એક જાત,
સહદેવ કહે ભાડલી વાકો કામ સિધ્ધ ન હોત.

---

આરજા (૧૪૩)

ચાલતાં ચન્દ્ર ભલા, બેઠે ભલા સુર,
સુક્ષમણા હાર પામે, હોય ભલે જો સુર.

આરજા (૧૪૪)

જબ મુશાફરી કીજયે, શિરપર સુર્ય હોય,
યોગ કાળ નડત નહિ, નિશ્ચે જોષિ જોય.

સમાપ્ત.

॥ શ્રી કૃષ્ણ પરમાત્મને નમઃ ॥

